सहयोग होटल के सामने , हांसलपुर चौकड़ी के पास , विरमगाम-382150 जिला – अहमदाबाद (गुजरात)
Opp. Sahyog Hotel, Near Hansalpur Chokdi,Viramgam – 382150 Dist. Ahmedabad (Gujarat)
E-mail : principalvgm@yahoo.com , Tel No. 079 29675697 , Website : https://viramgaon.kvs.ac.in
Facebook Page : KV Viramgam Twitter : @kendriya58241534

साक्षात्कार सूचना (सत्र 2026-27) / Interview Notice (Session 2026-27)

शैक्षणिक सत्र 2026-27 के लिए अंशकालीन / संविदा शिक्षको का पेनल बनाने हेतु दिनांक 18 सितंबर 2026 (प्रातः 09:00 बजे से) को चल साक्षात्कार के.वि. विरमगाम मे आयोजित किया जाएगा। अन्य विस्तृत जानकारी जैसे की योग्यता, आवेदन के लिंक एवं शर्ते इत्यादि के लिए विद्यालय की वेबसाइट https://viramgaon.kvs.ac.in का अवलोकन करे | योग्य उम्मीदवार https://samvida-sathi.kvs.gov.in/register दिये गए लिंक पर जाके पंजीकरण करे ।

In order to prepare a panel of Part-Time / Contractual Teachers – Staff for the academic session 2026-27, a WALK-IN-INTERVIEW will be held at KV VIRAMGAM on 18 September 2026 (09:00 AM onwards). For more details like qualification ,registration form, Application link for T&C visit the website of Vidyalaya https://viramgaon.kvs.ac.in. Eligible candidates can registered through the given link https://samvida-sathi.kvs.gov.in/register

S. No.	पद / Post	Date & Time
1	स्नातकोत्तर शिक्षक: भौतिक विज्ञान, संगणक विज्ञान PGTs : Physics , Computer Science, प्रशिक्षित स्नातक शिक्षक : गणित TGTs : Mathematics, PRT / प्राथमिक शिक्षक	18 September 2026 09:00 HRS
2	काउन्सलर, गुजराती भाषा शिक्षक, विशेष शिक्षक Counsellor, Gujarati Language teacher, Special Educator (PRT)	

*अभ्यर्थी सभी प्रमाणपत्रो , अंक तालिकाओं , संबधित दस्तावेजो की मूल प्रति एवं दस्तावेजों का स्व सत्यापित एक सैट साक्षात्कार के दिन verification हेतु अवश्य लेकर आएँ ।
*संविदा आधार पर नियुक्ति केन्द्रीय विद्यालय संगठन के नियमानुसार होगी ।
उम्मीदवार नीचे दिये गए लिंक पर जाके पंजीकरण करे ।
केवल पंजीकृत अभ्यर्थी ही साक्षात्कार मे उपस्थित हो सकते है
https://samvida-sathi.kvs.gov.in/register

श्री अवधेश कुमार(प्राचार्य)

THE NEW adventure
THE PERFECT STORM
PRICE ₹2,04,199/-
SEEMA BIKES SURAT : +91 75674 44455 | NAVSARI : +91 90331 85597

વલસાડ-વાપી-સંઘપ્રદેશ સંદેશ

વલસાડ | વાપી | પારડી | ઉમરગામ | કપરાડા | ધરમપુર | નાનાપોંઢા | મોટાપોંઢા | સેલવાસ | દમણ | ભિલાડ | સંજાણ

ગુરુવાર, તા.૧૦-૦૯-૨૦૨૬ | વલસાડ : ૨૭, બી.ડી.સી.એ. શોપીંગ સેન્ટર, નગરપાલિકા પાર્કિંગ પ્લોટ સામે, મમતા હેલ્થ સેન્ટરની ઉપર, લીન્ક રોડ. ૬૫૧૨૩૦, ૨૪૫૧૨૩ વાપીઃ શોપ નં.૧૩, જે. ટાવર, પ્રથમ માળ, ઈમરાન નગર, વાપી. મો : ૯૦૯૯૯ ૫૬૧૧૧

ધરમપુરમાં વિદ્યાર્થીઓ પર હુમલા કેસમાં ABVPના હોદ્દેદારો સહિત ૬ની ધરપકડ

કાયદાના સંઘર્ષમાં આવેલા વધુ એક બાળ કિશોર સામે નિયમ મુજબ કાર્યવાહી

| વલસાડ |

ધરમપુરની વનરાજ કોલેજના વિદ્યાર્થીઓ સાથે જન્માષ્ટમી પર્વની ઉજવણી દરમિયાન થયેલી તકરાર બાદ હોસ્ટેલ ખાતે ધસી ગયેલા ટોળાએ આતંક મચાવ્યો હતો. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ૯ આરોપીની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી અન્ય ૬ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા હતા. દરમિયાન એ.બી.વી.પી.ના ત્રણ હોદ્દેદારો સહિતના ૬ આરોપીને ઝડપી લેવાયા હતા.

ધરમપુરની વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ગત તા. ૦૩-૦૯-૨૬ના રોજ મટકી ફોડના કાર્યક્રમને લઈને કોલેજની હોસ્ટેલના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીઓ વચ્ચે તકરાર થઈ હતી. જે બાબતની અદાવત રાખીને કોલેજના વિદ્યાર્થી રાજ ખરવાલ, તેના સાગીરતો અન્ય ઈસમો તેમજ એ.બી.વી.પી.ના કાર્યકરોનું ટોળું લાકડાંના ડંડા, સ્ટમ્પ, લોખંડના પાઈપ સહિતના હથિયારો સાથે હોસ્ટેલમાં ધસી ગયુ હતુ અને વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો હતો. જે હુમલામાં હોસ્ટેલમાં રહેતા પાંચ વિદ્યાર્થીઓને ગંભીર ઈજા પહોંચી હતી. જે બાબતે ધરમપુર પોલીસે ૧૬ આરોપી સહિતના ટોળાં સામે રાયોટિંગ સહિતની અન્ય કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ૯ આરોપીને તે સમયે ઝડપી રિમાન્ડ મેળવ્યા હતા. જ્યારે કાયદાના સંઘર્ષમાં આવેલા ત્રણ બાળ કિશોરોની સામે પોલીસે નિયમ મુજબ કાર્યવાહી કરી હતી. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ૬ને વોન્ટેડ જાહેર કર્યા હતા. દરમિયાન ધરમપુર પોલીસે આ ગુનામાં સંડોવાયેલા એ.બી.વી.પી.ના જિલ્લા સંયોજક મનન મહેશભાઈ પટેલ (રહે. બિલપુડી ચાર રસ્તા પાસે, ધરમપુર), એ.બી.વી.પી.ના કપરાડા ભાગ સંયોજક જયદીપ જયેશભાઈ પવાર (રહે. મધળદેવીફળિયા, તિસ્કરી તલાટ ગામ, તા. ધરમપુર), એ.બી.વી.પી.ના ધરમપુર નગર મંત્રી રોહન જીજ્ઞેશભાઈ પટેલ (રહે. જલારામ મંદિર ફળિયા, વાંકલ ગામ, તા. વલસાડ, ધરમપુર), ભાજપ યુવા મોરચા ઉપ પ્રમુખ પ્રકાશ મહેશભાઈ ભોયા (રહે. સિંધી ચાલની બાજુમાં, રાજમહેલ રોડ, ધરમપુર), હર્ષ ઉર્ફે હરિયો મનીષભાઈ ઠક્કર (રહે. ધોબી ધોવાણ, ધરમપુર) અને પ્રેમ અશોકભાઈ માહલા (રહે. અંબામાતા મંદિરની બાજુમા, ધોબી ધોવાણ, ધરમપુર)ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા વધુ એક બાળ કિશોર સામે નિયમ મુજબ કાર્યવાહી કરી હોવાનું જાણવા મળે છે.

પારડી APMCની ચૂંટણીમાં ૯૯ ટકા મતદાન, આજે મતગણતરી

| વાપી |

પારડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં બુધવારે મતદાન પ્રક્રિયા યોજાઈ હતી. જિલ્લા સહકારી મંડળી રજિસ્ટ્રાર અધિકારીની રાહબરી હેઠળ ગોઠવાયેલી વ્યવસ્થામાં વહેલી સવારથી જ મતદાન શરૂ થયું હતું. પારડી તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી ખેડૂત મતદારો મતદાન કરવા પહોંચ્યા હતા. ચૂંટણીમાં કુલ આશરે ૧૧૦ ખેડૂત મતદારો પૈકી ૧૦૯ ખેડૂતોએ મતદાન કર્યું, જેના પગલે લગભગ ૯૯ ટકાનું મતદાન નોંધાયું હતું. મતદાન પૂર્ણ થતાં તમામ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ થઈ ગયું છે. એપીએમસીના હાલના ચેરમેન આશિષભાઈ રણછોડભાઈ પટેલની પેનલના ચાર ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

બાકીની બેઠકો માટે આશિષભાઈની પેનલના ઉમેદવારો સામે પારડીના જાણીતા વકીલ અમિતભાઈ પટેલ એકમાત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં છે. આમ કુલ ૧૧ ઉમેદવારો ચૂંટણીમાં મેદાનમાં રહ્યા હતા. હવે તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ વાગ્યાથી મતગણતરી થશે. દરમિયાન આશિષભાઈ પટેલે જણાવ્યું હતું કે તેમની પેનલના ચાર ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે.

ડી.ડી.ઓ.ની સુનાવણીમાં સરપંચનો ખુલાસો ગ્રાહ્ય ના રખાયો

નંદાવલામાં સરકારી જમીનમાં દબાણ બદલ સરપંચને હોદ્દા પરથી દૂર કરાયા

ગ્રા.પં.ની ચૂંટણીમાં સરપંચ સામે પરાજીત થયેલા ઉમેદવારે ફરિયાદ કરી હતી

| વલસાડ |

વલસાડના નંદાવલા ગામે આવેલી સરકારી પડતર જમીન ઉપર પોતાના ફાયદા માટે દબાણ કરી સત્તાનો દુરૂપયોગ કરવા બદલ ગ્રા.પં.ના સરપંચ અજય પટેલને ડી.ડી.ઓ.એ હોદ્દા પરથી દૂર કરી દીધા છે.

સરોણ-નંદાવલા ગૃપ ગ્રામ પંચાયતમાંથી ગત વર્ષે છુટી પડેલી નંદાવલા ગ્રા.પં.ની જુન-૨૦૨૫માં યોજાયેલી સૌપ્રથમ ચૂંટણીમાં સરપંચ તરીકે અજય નવીનભાઈ પટેલ વિજેતા થયા હતા. તેઓ દ્વારા નંદાવલા ગામે સ.નં.૩૦૨વાળી સરકારી પડતર જમીન પર પોતાના અંગત આર્થિક લાભ ખાતર નિયમોનુસાર કોઈપણ મંજુરી મેળવ્યા વિના ફેબ્રીકેશન માટે દુકાન ખોલવામાં આવી હતી. જે બાબતે ગામના મેહુલ નાથુભાઈ પટેલ (રહે. નિશાળ ફળિયા, નંદાવલા)એ વલસાડ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરીને હોદ્દાનો દુરૂપયોગ કરવા બદલ અજયભાઈને સરપંચપદેથી દૂર કરવામાં આવે તેવી માંગણી કરી હતી. જે સંદર્ભે વલસાડ ડી.ડી.ઓ. દ્વારા વલસાડ તાલુકા વિકાસ અધિકારીને તપાસ સોંપી હતી. ટીડીઓના રિપોર્ટને આધારે ડી.ડી.ઓ. દ્વારા નંદાવલા સરપંચને, ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૭(૧) મુજબ સરપંચના હોદ્દા પરથી દૂર કરવાની કાર્યવાહી કેમ હાથ ધરવામાં ન આવે ? તેનો ખુલાસો કરવા કારણદર્શક નોટીશ પાઠવી હતી. જે બાદ ગત તા. ૨૮-૦૭-૨૬ના રોજ યોજાયેલી સુનાવણીમાં સરપંચ દ્વારા રજુ કરાયેલા લેખિત ખુલાસાને ડી.ડી.ઓ.એ ગ્રાહ્ય ના રાખીને સરપંચ અજય પટેલને પોતાની સત્તાનો દુરૂપયોગ કરવા બદલ સરપંચના હોદ્દા પરથી દૂર કરવાનો હુકમ કર્યો હતો.

૧૦ વર્ષ પહેલાં બનાવેલી દુકાનને સરપંચે નોટિસ મળ્યા બાદ તરત જ દૂર કરી દીધી હતી

વલસાડ : આ સમગ્ર પ્રકરણમાં તંત્રની ભૂમિકા સામે ગંભીર પ્રશ્નો ઉઠી રહ્યા છે. નંદાવલાના સરપંચ અજય પટેલના જણાવ્યાનુસાર, તેઓ અત્યંત સાધારણ આર્થિક સ્થિતિ ધરાવે છે. વૃધ્ધ માતા-પિતા, પત્ની તથા બે દિકરીઓના ભરણપોષણ માટે સંસાધન નહીં હોવાથી આજીવિકા માટે વર્ષ-૨૦૧૬માં તેમણે સરકારી જમીનની માંગણી કરી હતી. તે સમયે ગ્રા.પં.માં કોઇએ વાંધો લીધો નહતો. તેથી ઉપરોક્ત સરકારી જમીનમાં ૨૦૧૬-૧૭માં નાનકડી ફેબ્રીકેશનની દુકાન બનાવી હતી. ગ્રા.પં.ની જુન-૨૦૨૫માં યોજાયેલી ચૂંટણીમાં અજયભાઇ સામે પરાજીત થનાર મેહુલ પટેલ અગાઉ આ જ અજયભાઇની દુકાનમાં નોકરી કરતો હતો. એટલું જ નહીં તો અરજદાર મેહુલ પટેલના પિતરાઇ ભાઇ પ્રિતેશ પટેલે ગ્રા.પં.ના સરપંચ તરીકે આખી ટર્મ પૂરી કરી હતી, તે સમયે તેમના દ્વારા આ દુકાન સામે કોઇ વાંધો ઉઠાવાયો ના હતો કે નોટીશ આપી નહતી. છેલ્લા ૧૦ વર્ષમાં એકેય તલાટીએ કે વહીવટદાર દ્વારા દબાણ નોટીશ આપી નહીં કે તે અંગેનો રિપોર્ટ તા.પં.માં કર્યો નહતો. પરંતુ ચૂંટણીમાં પરાજય થતાં તેની અદાવત રાખીને મેહુલ પટેલે ફરિયાદ કરી હતી. તે પછી ટી.ડી.ઓ.એ નોટીસ આપ્યાના ૩ દિવસમાં જ સરપંચે સરકારી જમીન પર બનાવેલી દુકાન દૂર કરી દીધી હતી. તેમ છતાં ડી.ડી.ઓ. દ્વારા આકરી કાર્યવાહી કેમ કરવામાં આવી ? તેને લઇને અનેક તર્ક-વિતર્કો વહેતા થયાં છે.

જાગૃત કારચાલકે દ્રશ્ય જોઈ લેતાં કર્મચારીને ખખડાવ્યો

વલસાડનો પંપ વિવાદમાં, કર્મચારીએ પોતાની જ બોટલમાં પેટ્રોલ ભરી દીધું

| વલસાડ |

વલસાડમાં શૈલેષ ગેસોલીન નામના પેટ્રોલપંપ પર ગત તા. ૦૫-૦૨-૨૬ના રોજ એક યુવાનની બાઈકમાં પેટ્રોલ ભરાવતી વેળા ફરજ પરના કર્મચારીએ પંપનું મીટર ઝીરો કર્યા બાદ પેટ્રોલ પાઈપના નોઝલમાંથી બહાર આવ્યું નહીં તેમ છતાં નાણાંનું મીટર ચાલુ થઈ ગયું હતું. જેથી યુવાને શંકાને આધારે ફરી એ જ બાઈકમાં રૂ. ૧૦૦નું પેટ્રોલ ભરાવ્યુ તો ફરી નોઝલમાંથી પેટ્રોલ આવ્યું નહીં ત્યાં તો રકમ દર્શાવતું મીટર ચાલુ થઈ ગયું હતું. જેથી ગ્રાહકે હોબાળો મચાવતા આવી પહોંચેલા પંપના સંચાલકની હાજરીમાં છેતરપિંડીનો ભાંડો ફૂટી ગયો હતો.

દરમિયાન બુધવારે સવારે આ જ પંપ પર એક વૃદ્ધ તેમના મોપેડમાં પેટ્રોલ ભરાવતા હતા ત્યારે તેમની નજર ચૂકવીને એક કર્મચારીએ નજીકમાં રાખેલી બોટલમાં થોડું પેટ્રોલ ભરી લીધું હતું. જે દ્રશ્ય જોતા જ ત્યાં પેટ્રોલ ભરાવવા આવેલા એક જાગૃત કારચાલકે છેતરપિંડી કરનાર કર્મચારીને બરાબર આડેહાથ લીધો હતો. સ્થિતિ પામી ગયેલો કર્મચારી માફી માંગવા માંડ્યો હતો. યુવાને કર્મચારી પર ગુસ્સે થતાં જણાવ્યું કે, આજે પેટ્રોલના ભાવ આસમાને છે એવા સમયે તમે લોકો ગ્રાહકોના હક્કના પેટ્રોલની ચોરી કરો છો, તમને શરમ નથી આવતી ! જે બાદ યુવાને તેને પૂછ્યું કે ગ્રાહકના હક્કનું ચોરી કરેલ પેટ્રોલ બોટલમાં ભરીને શું કરે છે ? તો કર્મચારીએ, મારા વાહનમાં ભરું છું તેવો નફ્ફટ જવાબ આપ્યો હતો. યુવાને સમગ્ર વાતચીતનો વીડિયો ઉતારીને સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધો હતો.

દમણમાં ટોઈંગ કર્મીઓ સાથે માથાકૂટ કરનારને બાંધીને લઈ જવાતા વિવાદ

સાંસદ ઉમેશ પટેલ દ્વારા ઘટના અંગે તપાસની માંગણી સાથે રજૂઆત

| વાપી |

સંઘપ્રદેશ દમણના કચીગામ વિસ્તારમાં એક વ્યક્તિને દોરડાથી બાંધીને વાહનમાં લઈ જવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ વીડિયો સામે આવ્યા બાદ દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે પણ ઘટનાને અત્યંત ગંભીર ગણાવી સમગ્ર મામલાની તપાસ કરવા માંગ કરી છે.

પ્રાથમિક માહિતી અને સોશિયલ મીડિયા પર ચાલતી ચર્ચા મુજબ, દોરડાથી બાંધવામાં આવેલ વ્યક્તિ નશાની હાલતમાં હતો અને ટોઈંગ વાહનની કામગીરીમાં અડચણ ઊભી કરી રહ્યો હતો.

આ પરિસ્થિતિમાં ટોઈંગ કામગીરી સાથે સંકળાયેલા લોકોએ તેને દોરડાથી બાંધીને કચીગામ પોલીસને સોંપ્યો હોવાનું સામે આવ્યું છે. વાયરલ વીડિયોમાં વ્યક્તિને દોરડાથી બાંધેલી હાલતમાં લઈ જવાતો જોઈ સાંસદ ઉમેશ પટેલે આકરો રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે દમણના પોલીસ અધિક્ષક કેતન બંસલને આ વીડિયો મોકલી તાત્કાલિક તપાસ કરવા જણાવ્યું હતું. સાંસદે સ્પષ્ટ કર્યું હતું કે, જો કોઈ વ્યક્તિએ ગુનો કર્યો હોય તો પણ તેની સામે કાર્યવાહી કરવાનો અધિકાર માત્ર પોલીસ અને કાયદાને છે. કોઈ સામાન્ય વ્યક્તિ કે જૂથને કાયદો હાથમાં લેવાની છૂટ આપી શકાય નહીં.

આ સમગ્ર મામલે દમણ પોલીસ વિભાગના એસ.પી. કેતન બંસલ સાથે થયેલી વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે, આ મામલે કચીગામ પોલીસને તપાસ સોંપવામાં આવી છે. પોલીસ તપાસમાં જે કોઈ પણ દોષિત જણાશે, તેની સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઉમરગામમાંથી મોટરસાઈકલ ચોરી કરનાર ઝડપાયો

ઉમરગામ : ગત તા. ૬ સપ્ટેમ્બરના રોજ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં મોટરસાઈકલ ચોરી અંગે ગુનો નોંધાયો હતો. જેમાં કાળા રંગની હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ (નંબર GJ-૧૫-EL-૦૩૮૬) (કિંમત રૂ. ૭૫ હજાર)ની ચોરી થઈ હતી. આ ગુનાની તપાસ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર એચ.બી. તુવરની સૂચના મુજબ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ, સીસીટીવી ફૂટેજ અને ખાનગી બાતમીના આધારે હાલીમ નુરનઓબી મલીક (ઉ.વ. ૩૦, રહે. ગાંધીવાડી, બિજધામ, ઉમરગામ, મૂળ પશ્ચિમ બંગાળ)ને ઝડપી પાડ્યો હતો. વધુ પૂછપરછ કરાતાં ઉમરગામ તથા દમણ વિસ્તારમાંથી ચોરી કરેલી વધુ બે મોટરસાઈકલ મળી આવી હતી. પોલીસે કુલ ત્રણ મોટરસાઈકલ (અંદાજિત રૂ. ૧.૮૫ લાખ) જપ્ત કરી ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

સુધારો

ધી વલસાડ મહિલા નાગરિક સહકારી બેંક લિ.ની આજરોજ સંદેશમાં પ્રસિદ્ધ થયેલ કબ્જો નોટિસ જાહેરાતમાં અનુ.નં.-૩માં શ્રી સાઇ ફેબ્રિકેશન શ્રી સુનિલભાઇ ગોપીનાથ પિલ્લઇ (માલિક) શ્રી સુનિલ શાંતિલાલજી સુરાના (જામીન-૧) શ્રી સુરેશ સુગમરન અન્સારી (જામીન-૨)ની મિલકત સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (સેકન્ડ) ઓર્ડિનન્સ એક્ટ-૨૦૦૨ (ઓર્ડર-૩-૨૦૦૨)ના નિયમ-૮ હેઠળ ટાંચમાં લીધેલ છે. જેની નોંધ લેવા સંબંધિતોને વિનંતી છે.

રાજપૂત અવસાન

સ્વ. તખ્તસિંહ રામસિંહ ઠાકોર

જન્મ તા. ૨૯/૦૭/૧૯૬૮ સ્વ. તા. ૦૫/૦૯/૨૦૨૬
શનિવાર, વિક્રમ સંવત ૨૦૮૨ શ્રાવણ વદ નોમ

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે
મારા જયેષ્ઠ પુત્ર/પતિ તખ્તસિંહ રામસિંહ ઠાકોર
(મુળ નિવાસી સામરપાડા) હાલ નિવાસી કિલ્લા-પારડીનું શનિવાર તા. ૦૫-૦૯-૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના

સંયુક્ત બેસણુ

તા. ૧૩/૦૯/૨૦૨૬ રવિવારના રોજ સવારે ૧૧-૦૦ થી ૫-૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)

બેસણાનું સ્થળ

સી-૧૦૨, અરિહંત ટાઉનશીપ, હરિકૃષ્ણ સોસાયટી સામે, સ્ટેટ બેંકની ગલી, નેશનલ હાઈવેની બાજુમાં, કિલ્લા-પારડી, તા. પારડી, જિ. વલસાડ.

શ્વસુર પક્ષ
ભૂપતસિંહ રામસિંહ ઠાકોર
રણજીતસિંહ રામસિંહ ઠાકોર
મુ. મરલા, તા. જિ. વલસાડ

Surendra	9427112142
Hiral	9099309082
Karan	8780166183

લિ.
રામસિંહ ઝીણાભાઈ ઠાકોર (પિતા)
કોકિલાબેન તખ્તસિંહ ઠાકોર (ધર્મપત્ની)
સુરેન્દ્રસિંહ રામસિંહ ઠાકોર (ભાઈ)
હિરલ તખ્તસિંહ ઠાકોર (પુત્રી)
કરણસિંહ હિતેશકુમાર પરમાર (જમાઈ)
ધ્રુવ સુરેન્દ્રસિંહ ઠાકોર
તથા સમસ્ત ઠાકોર પરિવાર

સુરતનાં **શ્રી ડી. જે. ચૌહાણ** ના ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ,
સને :- ૨૦૦૩ રેફરન્સ (આઇ.ટી.) ક્રમાંક :- ૮૩
સને :- ૨૦૧૭ અરજી (આઇ.ટી.) ક્રમાંક :- ૧૯

Zodiyak Clothing Co. Ltd. ....અરજદાર
અને
Mohammad Ali Shaikh ....સામાવાળા
વચ્ચે

સને : ૧૯૪૭ નાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ:33 હેઠળ અરજી બાબત.

નોટિસ

સને : ૧૯૪૭ નાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ : ૩૩ હેઠળ અરજદારે કરેલી અરજીની નકલ સાથે બિડવામાં આવી છે. આથી નોટિસ આપવામાં આવે છે કે, ઔદ્યોગિક અદાલત, સુરત, ઔદ્યોગિક અને શ્રમ અદાલત ભવન, ડીજીવીસીએલ ઓફિસની પાછળ, વેસુ, પો. ભરથાણા, સુરત : ૩૯૫ ૦૦૭માં તારીખઃ ૧૮/૦૯/૨૦૨૬ નાં રોજ સવારે - ૧૦.૪૫ વાગ્યે અથવા ન્યાયપંચની અનુકૂળતા પ્રમાણે ત્યારબાદ તુરંત ઉક્ત બાબતની સુનાવણી હાથ ધરવામાં આવશે.

આથી તમારે જાતે (અથવા) ન્યાયપંચની પરવાનગીથી અન્ય પક્ષકારોની સંમતિ મેળવીને વકીલ મારફત અથવા રજીસ્ટર્ડ થયેલ ટ્રેડ યુનિયન (ફેડરેશન) ના અધિકારી મારફત અથવા સને : ૧૯૪૭ના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ની કલમ-૩૬ માં અન્યથા જોગવાઇ કર્યા મુજબ ઉપર્યુક્ત સમયે અને સ્થળે હાજર થવાનું અને ઉક્ત અરજી શા માટે મંજૂર ન રાખવી તેનાં કારણો દર્શાવવા તમને જણાવવામાં આવે છે. આના જવાબમાં સુનાવણીની તારીખ પહેલાં તમે કોઇપણ નિવેદન નોંધાવી શકશો અને તેની એક નકલ સામા પક્ષકારને આપવી.

આંક -૨૯ ની અરજી પર ના સભ્યશ્રી ના હુકમ મુજબ નોટીસ કરી. **ન્યાયપંચનાં હુકમથી,**

અધિક્ષક
ઔદ્યોગિક ન્યાયપંચ, સુરત. વતી

ક્રમાંક : ૨૦૩૨/૨૦૨૬
ઔદ્યોગિક અદાલત,સુરત.
ઔદ્યોગિક અને શ્રમ અદાલત ભવન, ડીજીવીસીએલ ઓફિસની પાછળ, વેસુ, પો. ભરથાણા, સુરત-૩૯૫૦૦૭
તારીખ :- ૧૭/૭/૨૬

હાથોહાથ/રજીસ્ટર્ડ એ.ડી.

પ્રતિ,
1. Mohammad Ali Shaikh
Plot No.66, Gandhi Wadi, Gulshan Nagar,
Umargaon, Valsad- 396170

પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. સવિતાબેન ધીરજસિંહ સોલંકી
સ્વ. તા. 10/09/2025

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદાય એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે. ધર્મ કરી ભુલ્યા નહીં, વ્યવહાર કરી ચુકયા નહી, સુખ - દુખમાં સદાય હસતાં રહ્યાં. પરોપકારી જીવન જીવી ગયા. આપના સદગુણો, સંસ્કાર અને આત્મબળ અમારામાં રહે એજ ભાવના સાથે ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી...
પ્રભુ સદગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
શ્રી જયેન્દ્રસિંહ ઉમેદસિંહ સોલંકી શ્રી પ્રદિપસિંહ ધીરજસિંહ સોલંકી
શ્રી વિનોદસિંહ ધીરજસિંહ સોલંકી શ્રી કલ્પેશસિંહ ધીરજસિંહ સોલંકી

સંદેશ

વાપી, વલસાડ, નવસારી સંઘપ્રદેશ આવૃત્તિ માટે

બેસણું / દુઃખદ અવસાન / શ્રદ્ધાંજલિ

5 X 9 (45 ચો.સેમી). ફિક્સ સાઈઝના ફક્ત રૂા. 700/-

વધારાના ચો.સેમી.ના રૂા. ૨૫/- (૧૦ X ૯ ચો.સેમી. સુધી)
તેનાથી વધારે ચો.સેમી. માટે આખી જા.ખ.નો કાર્ડ રેટ લાગશે

તમામ પ્રકારની જાહેરાત માટે સંપર્ક કરો

વાપી સંઘ પ્રદેશ	સિદ્ધિ એડ	૯૦૯૯૯૫૬૧૧૧, ૯૪૨૯૦૫૬૧૧૧
વલસાડ	ભાગ્યશ્રીએડ : ફોન : ૨૪૫૧૨૩,	૯૮૭૯૧૬૬૨૫૯
નવસારી	સ્નેહા એડ્સ	૯૮૨૫૫ ૩૯૨૪૯
બીલીમોરા	શ્રી સાંઈકૃપા એડ	૯૪૨૭૭ ૦૬૬૦૮
ઉમરગામ	તન્ના એડ	૯૮૨૫૧ ૧૧૦૩૮
સરીગામ	યશસ્વી એન્ટરપ્રાઈઝ	૯૯૭૮૯ ૫૯૬૫૩
વાંસદા	સમર્થ એડ	૯૦૯૯૯ ૫૬૧૧૧, ૯૪૨૯૦૫૬૧૧૧
ચીખલી	શૈલેષભાઈ એમ. પટેલ	૯૯૨૫૦ ૮૫૬૦૭
ધરમપુર - કપરાડા	શ્રી પટેલ ન્યુઝ એજન્સી	૮૧૬૦૪ ૦૧૬૬૯
ગણદેવી	જય ઠાકર એડ્સ	૯૮૯૮૬ ૧૫૬૨૩

સુરત ઓફિસ : ૦૨૬૧-૪૦૮૯૦૩૪, ૪૦૮૯૦૦૦

નોંધ : ઉપરોક્ત ભાવમાં GST અલગથી લાગશે

ADMISSION OPEN

સરકારી નોકરી આપતો નર્સિંગ કોર્સ

A.N.M.	G.N.M.	B.Sc.(N)
(૨ વર્ષ) ફક્ત બહેનો માટે	(૩ વર્ષ) 12th Pass	(૪ વર્ષ) 12th Pass B Group

શ્રી એચ.એન.શુકલ નર્સિંગ કોલેજ-રાજકોટ

✆ 78628 66174 ✆ 78620 29732
લાલપરી તળાવ પાસે, જુના માર્કેટીંગ યાર્ડ પાછળ, રાજકોટ

જાહેર નોટીસ

આથી જાહેર જનતાને તથા તમામ લાગતા વળગતાઓને જાણ કરવામા આવે છે કે વલસાડ ડીસ્ટ્રીક્ટની સબ ડીસ્ટ્રીક્ટ નાનાપોંઢા તાલુકાના મોજે "મોટી વહિયાળ" ગામે આવેલ ખેડખાતાનો ખાતા નં.-૨૮૩ તથા સર્વે નં.-૫૫૩ વાળી મીલકત કે જેનુ ક્ષેત્રફળ-૦-૭૦-૪૨ (હે.ગું.આ.) વાળી મીલકત (૧) રસુબેન તાજુભાઈ (૨) જોહરાબીબી તાજમહમદ (3) ઝુલેખાબીબી તાજમહમદ સઘળા રહેવાસી-ચીચપાડા ફળીયા, મોટી વહિયાળ, તા. નાનાપોંઢા, જી. વલસાડ ની સહીયારી માલીકીની અને કબજા ભોગવટા વહીવટની છે. અને મજકૂર મીલકતો હમારા અસીલ મોહમ્મદ મોહસીન શેખ ઝમાળઅહમદ શાહ, રહેવાસી- ૧૦૩, શ્રેયશ કો.ઓ.હા.સો., ગુંજન, વાપી, તા. વાપી. જી. વલસાડ સદર મીલકત ના ઉપરોકત જણાવેલ માલીકો પાસેથી વેચાણથી ખરીદવાનુ નક્કી કરેલ છે. જેથી ઉપરોક્ત સર્વે નંબર વાળી મીલ્કત મા જો કોઈ પણ વ્યકિત, ઈસમ, સંસ્થા કે સરકારી, અર્ધસરકારી બેંક નો કોઈપણ લાગભાગ, હક્ક, હીત, હિસ્સો, સબંધ, દર દાવો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૧૦ (દસ) માં હમારા નીચે જણાવેલ સરનામે પુરાવા સહિત લેખીતમા જાણ કરવી તેમજ ઉપલી મુદત સુધીમાં તેમ ન થતા સદરહુ મીલકતમા તેવો કોઈ નો કોઈપણ લાગભાગ, હકક, હીત, હિસ્સો, સબંધ, દર દાવો નથી એવુ માની અને જે હોય તો તે જતા કર્યા છે તેવુ માની આ નોટીસ ની મુદત વિત્યે હમારા અસીલ અને ખરીદનાર પોતાના નામે કબજા સહીત નો વેચાણ કરાર કરાવી લેશે. ત્યારબાદ પાછળથી કોઈનાં કોઈપણ જાતના વાંધા કે કોઇ ની કોઈપણ જાત ની તર તકરાર ચાલશે નહી તેની નોંધ લેશો જેની આ જાહેર નોટીશથી જાહેર જનતા તેમજ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

મારી મારફત **શ્રી અમિત ઠાકોરભાઈ પટેલ** તે
મોહમ્મદ મોહસીન શેખ ઝમાળઅહમદ શાહ ના એડવોકેટ
ઓફીસ : પારડી ચાર રસ્તા, ઓવરબ્રીજની બાજુમાં એપીએમસી માર્કેટ, કીલ્લા પારડી, તા. પારડી, જી. વલસાડ.
મો. નં. : ૮૧૪૧૩ ૦૩૪૦૩, ૯૪૨૬૭ ૭૦૧૪૩

Mohsin
(મોહમ્મદ મોહસીન શેખ ઝમાળઅહમદ શાહ)
મારી સુચના થી

-: જાહેર નોટીશ :-

આથી જાહેર જનતાને જણાવવાનુ કે દાદરા નગર હવેલી દમણ અને દિવ સંઘપ્રદેશના મોજે અથોલા ગામે આવેલ નવો સર્વે નંબર. ૧૦૬૭ (જુનો સર્વે નંબર. ૨૮૬/૪પૈ.) કુલ વિસ્તાર ૦૦ હેક્ટર ૫૮.૩૭ આરે જમીન મિલકત શ્રીમતી નીરૂબેન રમેશભાઈ પટેલ, રહે. અથોલા તાબે દાદરા અને નગર હવેલી અને દમણ અને દિવ સંઘપ્રદેશના સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની હોવાનુ હમારા અસીલને જણાવેલ છે. અને હમારા અસીલે તેઓ પાસેથી સદર હેઠળ પરિશિષ્ટમાં જણાવેલ મિલકત વેચાણથી લેવાનુ નક્કી કરેલ છે. તો મજકુર હેઠળ વર્ણવેલ મિલકત અંગે જો કોઇનો કંઇપણ હક્ક, હિસ્સો, વારસાઈ, ગીરો, વેચાણ, ગીફ્ટ, લીઝ, ટેન્નસી, લિયન, બોજો, ટ્રસ્ટ, ભરણપોષણ, ઇઝમેન્ટ કે અન્ય દરદાવો હોય તો તેમણે આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન ૧૫માં તેવા હક્ક દાવાઓ સંબધી દસ્તાવેજી પુરાવાઓ લાવી હમોને હમારી ઓફીસે મળી ખાત્રી કરાવવી, નહીતર સદરહું મુદત વિત્યેથી મજકુર મિલકતમાં અન્ય કોઇના કોઇપણ હક્ક દાવો નથી અને જો કાંઇ હોય તો તે જતા કર્યા છે એવુ માની સદર મિલકત અંગેનુ ટાઇટલ ચોખ્ખુ હોવાનુ માની હમારા અસીલ તેમના લાભમાં સદર મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હેઠળ વર્ણવેલ મિલકતના માલિક પાસેથી કરાવી લેશે અને પાછળથી મજકુર મિલક્તના હક્ક દાવા સંબંધી કોઇની કોઇપણ તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

-: પરિશિષ્ટ :-

દાદરા નગર હવેલી અને દમણ અને દિવ સંઘપ્રદેશના અથોલા ગામે આવેલ નવો સર્વે નંબર. ૧૦૬૭ (જુનો સર્વે નંબર. ૨૮૬/૪પૈ.) કુલ વિસ્તાર ૦૦ હેક્ટર ૫૮.૩૭ આરે વાળી જમીન તથા તેના લાગતા-વળગતા તમામ હક્કો તથા સુખાધિકારો સહીત.

સ્થળ-સેલવાસ. તા. /૦૯/૨૦૨૬

લિ. **હિતેશ કે. ભંડારી**
તે મિલકત ખરીદનારના એડવોકેટ

૨૩૯, લેન્ડમાર્ક, ટોકરખાડા, સેલવાસ, દાદરા અને નગર હવેલી, પિન કોડ નં. ૩૯૬૨૩૦ મો. નં. ૦૯૮૨૪૫૯૮૮૪૪.

SHREE AJIT PULP AND PAPER LIMITED

Regd. Off.: Survey No. 239, Near Morai Railway Crossing, Village Salvav, Via-Vapi, Dist. Valsad -396191, Gujarat. Tel. No. 0260 6635700,
Fax No. 0260 2437090, Email:investors@shreeajit.com,
Website: www.shreeajit.com, CIN: L21010GJ1995PLC025135

Notice of 31st Annual General Meeting, E-Voting Information and Book Closure

Notice is hereby given that the 31st Annual General Meeting of the Company ("the AGM") will be convened on Wednesday, 30th September, 2026 at 11:00 a.m. through Video Conferencing ("VC")/ Other Audio Visual Means ("OAVM") facility to transact business, as set out in the Notice of the AGM, in compliance with the applicable provisions of the Companies Act, 2013 and Rules framed thereunder and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 read with General Circular Nos. 20/2020, dated 5th May, 2020, read with General Circular No. 03/2025 dated September 22, 2025 issued by the Ministry of Corporate Affairs ("MCA Circular/s") and The Securities Exchange Board of India vide its Circular No. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 dated May 12, 2020 read with Circular No. SEBI/HO/CFD/CFD-POD-2/P/CIR/2024/133 dated 3rd October, 2024 and Master Circular No. HO/49/14/14(7)2025-CFD-POD/I/3762/2026 dated 30th January, 2026 without the physical presence of the Members at a common venue.

In terms of MCA Circular/s and SEBI Circular/s, the Notice of the AGM and the Annual Report for the year ended 31st March, 2026 have been sent by email on 8th September. 2026. to those Members whose email addresses are registered with the Company/Depository Participants. For members whose E-mail IDs are not registered, the company has dispatched a physical communication providing the web link to access the Notice of the AGM and Annual Report.

Members holding shares either in physical form or in dematerialized form, as on the cut-off date may cast their vote electronically on the resolutions set out in the Notice of the AGM through electronic voting system ("remote e-voting") of the Central Depository Services (India) Limited ("CDSL"). All the members are informed that: (1) The resolutions set out in the Notice of the AGM, will be transacted through voting by electronic means; (2) The remote e-voting shall commence on Saturday, 26th September, 2026 at 9:00 a.m.; (3) The remote e-voting shall end on Tuesday, 29th September, 2026 at 5:00 p.m.; (4) The cut-off date, for determining the eligibility to vote through e-voting or through the e-voting system during the AGM is Tuesday, 22nd September, 2026; (5) Any person who becomes Member of the Company after sending the Notice of the AGM by email and holding shares as on the cut-off date, may obtain the login ID and the password by sending a request at rnt.helpdesk@in.mpms.mufg.com However, if a person is already registered with CDSL for remote e-voting then existing user ID and password can be used for casting vote; (6) The remote e-voting module shall be disabled by CDSL after the aforesaid date and time for voting and once the vote on the resolution is cast by the Member, the Member shall not be allowed to change it subsequently. The Members who have cast their vote by remote e-voting prior to the AGM may participate in the AGM through VC/OAVM Facility but shall not be entitled to cast their vote through e-voting system during the AGM. The Members participating in the AGM and who had not cast their vote by remote e-voting, shall be entitled to avail the facility of remote e-voting system during the AGM. A person whose name is recorded in the Register of Members or in the Register of Beneficial Owners maintained by the depositories as on the cut-off date only shall be entitled to avail the facility of remote e-Voting, participating in the AGM through VC/OAVM facility and e-voting during the AGM.

Those Members holding shares in physical form, whose email addresses are not registered with the Company, may register their email address by sending scanned copy of the signed request letter mentioning name, folio number and complete address, self-attested copy of PAN Card and self-attested scanned copy of Aadhaar Card/ Driving license/ Election card/ Passport to Share Transfer Agent i.e. MUFG Intime India Private Limited at rnt.helpdesk@in.mpms.mufg.com

For details relating to remote e-voting and attending the AGM through VC/OAVM, please refer to the Notice of the AGM. If you have any queries or issues, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-voting manual available at www.evotingindia.com, under help section or write an email to helpdesk.evoting@cdslindia.com or contact at 022-23058738/43.

All grievances connected with the facility for voting by electronic means may be addressed to Mr. Rakesh Dalvi, Sr. Manager, Central Depository Services (India) Limited, A Wing, 25th Floor, Marathon Futurex, Mafatlal Mill Compounds, N M Joshi Marg, Lower Parel (East), Mumbai - 400013 or send an email to helpdesk.evoting@cdslindia.com or call on 022-23058542/43.

The Annual Report including notice of AGM is available on the Company's website on https://www.shreeajit.com/uploads/financial_result/all/Annual-Report-2025-2026.pdf and also on the CDSL's website www.evotingindia.com and Stock Exchange website www.bseindia.com.

Pursuant to the provisions of Section 91 of the Companies Act, 2013 and Regulation 42 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Register of Members and share transfer books of the Company will remain closed from Wednesday, 23rd September, 2026 to Wednesday, 30th September, 2026 (both days inclusive) for the purpose of AGM for the year ended 31st March, 2026.

By Order of the Board of Directors
Sd/-
Chinmay Methiwala
Company Secretary and Compliance Officer

Place: Vapi
Date: 09/09/2026